હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૭૧૦, વર્ષ : ૩૧
અંક : ૦૭ એપ્રિલ-૦૧, ૨૦૧૮

# ઉદીચ્ય

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

''જૈન ધર્મ એ કોઈપણ જ્ઞાતિ કે સંપ્રદાયનો ધર્મ નથી, બલ્કે માનવમાત્રને સ્પર્શતો આત્મશુદ્ધિનો અનુપમ માર્ગ છે. એમાં રાષ્ટ્ર, જાતિ, વર્ણનો કોઈ ભેદભાવ નથી. વિશ્વમાં અને વિશેષ કરીને ભારતીય જનજીવનમાં જૈન ધર્મની વિચારસરણીએ ઘણું મોટું પ્રદાન કર્યું છે. કલા, વાણિજ્ય, તત્ત્વજ્ઞાન, સાહિત્ય અને રાજકારણની ભારતીય વિરાસતમાં જૈન ધર્મનું આગવું પ્રદાન છે. એનો પ્રાણીમાત્ર પ્રત્યેનો આદર, સંસ્કૃતિની પ્રગતિ માટેની પ્રતિબદ્ધતા અને પ્રાકૃતિક સુરક્ષાનો સંદેશો હજારો વર્ષોથી જનજીવન પર ગાઢ પ્રભાવ પાડે છે.''

- કુમારપાળ દેસાઈ. ગુણવંત બરવાળિયા-સંપાદકો
જૈન ધર્મનો સર્વપ્રથમ એન્સાઈકલોપીડિયા-જૈન વિશ્વકોશ, ખંડ-૧, ભૂમિકામાંથી-સાભાર.

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ભારતીય સંસ્કૃતિ એ વિશ્વની પ્રાચીનતમ છે. આ સંસ્કૃતિના શ્રમણ પરંપરા અને બ્રાહ્મણ પરંપરાના બે રૂપ છે. બંને પરંપરાઓને અત્યંત પ્રાચીન, અનાદિ ગણવામાં આવે છે. બ્રાહ્મણ પરંપરાને આર્ય કે હિન્દુ પરંપરા પણ કહે છે. શ્રમણ પરંપરામાં જૈન અને બૌદ્ધ પરંપરા મુખ્ય છે. શ્રમણ માટે પ્રાકૃત સાહિત્યમાં 'સમણ' શબ્દ પ્રયોજાયેલ છે. શ્રમણ શબ્દના ત્રણ સ્વરૂપો-શ્રમણ, સમન અને શમન છે. શ્રમણ એટલે શ્રમ કરવો એટલે કે તપસ્યા કરવી. સમન એટલે સમાનતા. પ્રાણીમાત્ર પ્રત્યે સમાનતા. શમન એટલે શાંત કરવું. કુવૃત્તિઓ, વાસનાઓને શાંત કરવી. જૈન શબ્દ 'જિન' પરથી ઉદ્‌ભવેલ છે. જિન એટલે વિજેતા. પોતાના અંતઃશત્રુઓ-વિકારો-રાગ-દ્વેષ આદિ સર્વ દોષો પર વિજય મેળવનાર આત્મા એટલે જિન. જિનના અનુયાયીઓ જૈન કહેવાય છે. જૈન દર્શનને આર્હતશાશન, અનેકાન્ત દર્શન, સ્યાદવાદ દર્શન, વિતરાગ માર્ગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

જૈન દર્શનના છેલ્લા-ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનો જન્મકલ્યાણક ચૈત્ર સુદ તેરશને ૨૯ માર્ચના રોજ સંપન્ન થયો. કર્મથી જ બંધન અને મોક્ષ થાય છે, અને સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ એ મોક્ષનાં સાધનો છે તેવો ઉપદેશ તેમણે વિશ્વને આપ્યો. સર્વ ધર્મનું મૂળ દયા છે. દયાના પૂર્ણ ઉત્કર્ષ માટે ક્ષમા, નમ્રતા, સરલતા, પવિત્રતા, સંયમ, સંતોષ, સત્ય, તપ, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ દશ ધર્મો સેવવા જોઈએ. આ દશ ધર્મોના સેવનથી આપોઆપ ભય, રાગ અને દ્વેષ નાશ પામે છે અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જૈનધર્મના અનુયાયીઓ માટે તેર બાબતોનું પાલન કરવાનો ઉપદેશ છે. પાંચ મહાવ્રતો, ત્રણ ગુપ્તિઓ અને પાંચ સમિતિઓ. આ તેર બાબતોને ધ્યાને લઈ જૈન શ્વેતામ્બર સંપ્રદાય પૈકીનો એક પંથ-'તેરાપંથ' તરીકે જાણીતો છે.

જૈનધર્મ પાલન માટે સાધુઓ માટે આચરવાના પાંચ મહાવ્રતો છે. સાધુ, શ્રમણ, ભિક્ષુ, મુનિ, અનગાર, સંયત, વિરત શબ્દો સમગ્ર સાધુઓ માટે વપરાતા સમાનાર્થી શબ્દો છે. અહિંસા વ્રત, સત્ય વ્રત, અસ્તેય વ્રત, બ્રહ્મચર્ય વ્રત અને અપરિગ્રહ વ્રત, આ પાંચ મહાવ્રતોનું પાલન એ સાધુ જીવનની સાધના છે. ત્રણ પ્રકારની ગુપ્તિઓ છે. ગુપ્તિ એટલે મન-વાણી-કાયાની પ્રવૃત્તિ અટકાવીને અંતર્મુખ થવું. અહિંસા જૈન નીતિશાસ્ત્રનું હાર્દ છે. આ હાર્દના પાલન માટે ત્રણ ગુપ્તિ દર્શાવી છે. મનોગુપ્તિ એટલે દુષ્ટ વિચારોથી મનને રોકવું. વચનગુપ્તિ એટલે વાણીમાં સંયમ રાખવો અને કાયગુપ્તિ એટલે કાયા પર નિયંત્રણ રાખવું. અહિંસા ઉપરાંત અન્ય મહાવ્રતોના પાલન માટે ગુપ્તિ એ પાયો છે. પાંચ સમિતિઓ થકી હિંસાદિ દોષો ન લાગે તેની કાળજી રાખી પ્રવૃત્તિ કરવાથી-આચરણ કરવાથી-દોષો લાગતા નથી. ઈર્યાસમિતિ એટલે જીવ-જંતુને હાનિ-ઈજા ન થાય તેમ ચાલવુ, વર્તવુ. ભાષા સમિતિ એટલે વાણી પર સંયમ, બરાબર વિચારીને સત્ય, નિર્દોષ અને ઉપયોગી વચન બોલવું. એષણા સમિતિ એટલે અપરિગ્રહને આચરણમાં મૂકવા ખપ પૂરતા ખોરાક-પાણી-વસ્ત્ર રાખવા. આદાન-નિક્ષેપણ સમિતિ એટલે સંયમી જીવન માટે જરૂરી સાધનો-ઉપકરણો લેવા મૂકવામાં જીવહાનિ ન થાય તેની સભાનતા. પાંચમી, ઉત્સર્ગ કે પરિષ્ઠાપના સમિતિ જેમાં મળ, મૂત્ર, ઈત્યાદિ વસ્તુઓ કોઈને દુઃખરૂપ ન થાય તે રીતે નાખવી. આ તેર બાબતો સાધુ-શ્રમણ માટે આવશ્યક પાલન કરવાની સાધનાની બાબતો છે.

ગૃહસ્થો આ તેર બાબતોનું પાલન ન કરી શકે આથી આ જ વ્રતોનું મર્યાદિત પણે પાલન કરી શકે. ગૃહસ્થો માટેના આ વ્રતોને 'અણુવ્રતો' કહેવાય છે. અણુવ્રતમાં સ્થૂળ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહનો બે કરણ (કરું નહીં, કરાવું નહીં) અને ત્રણ યોગથી (મનથી,

વચનથી અને કાયાથી) ત્યાગ હોય છે.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ દ્વારા સંપાદિત જૈન ધર્મનો સર્વપ્રથમ એન્સાઇક્લોપીડિયા–જૈન વિશ્વકોશ–ગુજરાતી ભાષામાં તૈયાર થઇ રહ્યો છે. યુગદિવાકર રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ શ્રી નમ્ર મુનિ મહારાજની પ્રેરણાથી તૈયાર થઇ રહેલ વિશ્વકોશના બે ખંડ પ્રકાશિત થયેલ છે. 'અણુવ્રત' વિશે કોશમાં (ખંડ–૧, પેજ. ૪૯–૫૩) વિગતે માહિતી આપવામાં આવી છે. અણુવ્રત આંદોલન જૈન શ્વેતાંબર તેરાપંથના નવમા આચાર્ય તુલસીએ દેશમાં નૈતિકતા અને ઇમાનદારીના પુનરુત્થાન માટે શરૂ કર્યું. દસમા આચાર્ય મહાપ્રજ્ઞ અને અગીયારમા આચાર્ય મહાશ્રમણે આંદોલન ચાલુ રાખ્યા છે. અણુનો અર્થ છે નાનું અને વ્રતનો અર્થ છે નિયમો. અણુવ્રત એટલે નૈતિકતાની આચારસંહિતા. અણુબોમ્બના ભય સામે અણુવ્રત એક સાદું–સીધું પણ સશક્ત હથિયાર છે.

ગણાધિપતિ આચાર્યશ્રી તુલસી દ્વારા ઉપર દર્શાવેલ જૈન વિશ્વકોશમાં વર્ણવ્યા મુજબની આચારસંહિતા અને નિયમો છે. અણુવ્રતની આચારસંહિતા મુજબ :

- ''હું કોઇપણ નિરપરાધ પ્રાણીનો સંકલ્પપૂર્વક વધ નહિ કરું, આત્મહત્યા નહીં કરું, ગર્ભહત્યા (ભૃણહત્યા) નહીં કરું.
- હું કોઇની ઉપર આક્રમણ નહીં કરું, આક્રમક નીતિનું સમર્થન નહીં કરું તથા વિશ્વશાંતિ અને નિઃશસ્ત્રીકરણ માટે પ્રયત્નશીલ રહીશ.
- કોઇપણ પ્રકારની હિંસાત્મક અને માલ–મિલકતને નુકશાન કરનારી પ્રવૃત્તિઓમાં હું ભાગ નહીં લઉં.
- હું માનવીય એકતામાં વિશ્વાસ રાખીશ. જાતિ, રંગ, લિંગ, દેશ, ધર્મ, સંપ્રદાય આદિના આધાર પર કોઇને ઊંચા કે નીચા નહીં માનું, કોઇને પણ અસ્પૃશ્ય નહીં માનું.
- હું ધાર્મિક સહિષ્ણુતા રાખીશ–સાંપ્રદાયિક ઉત્તેજના નહીં ફેલાવું.
- હું વ્યવસાય–ધંધામાં અને વ્યવહારમાં પ્રામાણિક રહીશ. પોતાના લાભ માટે બીજાને નુકશાન નહીં પહોંચાડું. હું વ્યવહારમાં છળ–કપટ નહીં કરું.
- હું બ્રહ્મચર્યની સાધના કરીશ અને ધન–મિલકતના સંગ્રહની સીમા કરીશ.
- હું ચૂંટણી સંબંધી અનૈતિક આચરણ નહીં કરું.
- હું સામાજિક રૂઢિઓને પ્રશ્રય (આશ્રય, આશરો) નહીં આપું.
- હું વ્યસન–મુક્ત જીવન જીવીશ. દારૂ, ગાંજો, ચરસ, હેરોઇન, ભાંગ, તમાકુ આદિ માદક કે નશો ઉત્પન્ન કરે એવી ચીજોનો ઉપયોગ નહીં કરું.
- હું પર્યાવરણની સમસ્યા પ્રતિ જાગ્રત રહીશ, લીલાં ઝાડ કાપીશ નહીં, પાણીનો અપવ્યય કરીશ નહીં.''

બીજી માર્ચ, ૧૯૪૯ના દિવસે રાજસ્થાનના સરદાર શહેરથી શરૂ કરાયેલું 'અણુવ્રત આંદોલન'ના સંકલ્પો આજે વધુ પ્રસ્તુત બન્યા છે. સંપૂર્ણ વ્યક્તિત્વના વિકાસ માટે અણુવ્રતો બહું ઉપયોગી છે. આ આંદોલન પ્રયોગલક્ષી છે. જીવનશૈલી અપનાવવાનું આંદોલન છે. સમાજમાં, રાષ્ટ્રમાં અને વિશ્વમાં શાંતિ, નૈતિક્તા અને સંયમના પ્રચાર–પ્રસારનું આંદોલન છે. આપણી યુનિવર્સિટી દ્વારા સૂરત તેરાપંથ સમાજના સહયોગથી અગાઉ એક શિબિરનું આયોજન કરવામાં આવેલું તે ઉલ્લેખનીય છે.

યુનિવર્સિટી દ્વારા ૨૦ માર્ચના રોજ શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળાનું આયોજન હાથ ધરાયું હતું. મૂલ્યનિષ્ઠ શિક્ષક, શીલભદ્ર સર્જક અને જાણીતા કેળવણીકાર, પાટણના વતની શ્રી મોહનલાલ પટેલના અમૃતપર્વ નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સહયોગથી આ વ્યાખ્યાનમાળા શરૂ કરવામાં આવી છે. વ્યાખ્યાનમાળાના આ બારમા મણકાનો વિષય હતો – **શ્રી હેમચંદ્રાચાર્યની સાહિત્યસાધના.** પદ્મશ્રી કુમારપાળ દેસાઇ તજજ્ઞ વક્તા હતા. એક નવીન પરંપરાનું સર્જન વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાનોનો શબ્દદેહ પુસ્તિકા સ્વરૂપે પ્રગટ કરવોનો છે. ગત વર્ષથી શરૂ કરાયેલ આ પરંપરા પ્રમાણે તજજ્ઞો દ્વારા સમયસર લેખિત સ્વરૂપે વ્યાખ્યાન મોકલી અપાતાં તે પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ વ્યાખ્યાનના કેટલાંક અંશો :

''છેલ્લા એક હજાર વર્ષમાં ગુજરાતે સર્વક્ષેત્રમાં વ્યાપી વળી હોય તેવી બે પ્રતિભાઓ આપી. એક છે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને બીજી પ્રતિભા છે મહાત્મા ગાંધી. હેમચંદ્રાચાર્ય અહિંસાની ભાવનાનો પ્રાદુર્ભાવ કર્યો અને જગતમાં આજેય એક અહિંસક પ્રજા તરીકે ગુજરાતી ઓળખાય છે. ગુજરાતની સંસ્કૃતિના બે મુખ્ય પાયા અહિંસા અને અનેકાંત–સિદ્ધાંતને હેમચંદ્રાચાર્ય દઢમૂલ કરી આપે છે. અર્વાચીન કાળમાં ગાંધીજીએ તેનો જીવનનાં તમામ ક્ષેત્રોમાં પ્રયોગ કરી બતાવ્યો, તે દષ્ટિએ વિચારતાં હેમચંદ્રાચાર્યના જીવનકાર્યનું સાતત્ય મહાત્મા ગાંધીજીમાં દેખાય.''

''...હેમચંદ્રાચાર્યે સંસ્કૃત, પ્રાકૃત અને અપ્રભંશ એમ ત્રણેય ભાષામાં કાવ્ય રચના, વ્યાકરણ અને કોશની રચનાથી ગુજરાતના ગૌરવને પ્રગટાવ્યું, એમણે અભ્યાસીઓને અનન્ય અભ્યાસસાધન સુલભ કરી આપ્યું. આને પરિણામે જૈનેતર વિદ્વાનોમાં પણ હેમચંદ્રાચાર્યની કૃતિઓ આદર પામી.''

''કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સંસ્કૃત, પ્રાકૃત અને અપ્રભંશ ભાષાના મહાન સર્જક, સંગ્રાહક અને સંયોજક હતા. એમની રચનાઓમાં એક બાજુ પોતીકી અસ્મિતા, સોલંકીયુગની ગરિમા અને સરસ્વતીપૂજકની ચુચુત્સા પ્રગટ થાય છે, તો બીજી બાજુ તર્ક, વિચાર, વ્યાકરણ, સાહિત્ય, દર્શન સુધીનો વ્યાપ મળે છે. કવિ, સંપાદક, કોશકાર, વ્યાકરણશાસ્ત્રી, ઇતિહાસકાર અને સમાજસુધારકથી માંડીને યોગનાં ઊંચાં શિખરો સુધી એમની દષ્ટિ ફેલાયેલી છે અને બધે જ એમની પ્રતિભા સમર્થપણે વિહરે છે.''

''એમનો વિપુલ ગ્રંથભંડાર વિશાળ જ્ઞાનકોશ જ લાગે. એમની કૃતિઓ એટલી બધી છે કે કોઇ એક વ્યક્તિ આજીવન નહિ બલ્કે કેટલીયે વ્યક્તિઓ એકસાથે મળીને જીવનભર સંશોધન કરે એટલું રચના સામર્થ્ય છે.''

જૈન સાહિત્યના પિયર સમા પાટણ નગરે આચાર્ય હેમચંદ્રાચાર્યના નામ સાથે જોડાયેલી આપણી યુનિવર્સિટીમાં, યુનિવર્સિટી ગાનના શબ્દો–''હતી લુપ્ત તે થઇ સજીવન, પાર કરો અમ નૈયા... અમે ઉત્તર ગુર્જર વાસી... અમે જ્ઞાન તેજના પ્યાસી''ની ભાવના સ્થિત થાવ તેવી શુભભાવના.

તા. ૦૧-૦૪-૨૦૧૮
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## શ્રી ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિસ્તારના પનોતા પુત્ર અને ગુજરાતી સાહિત્યના ગૌરવ શિખર સમા સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીની સ્મૃતિમાં ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ ઇડર દ્વારા યુનિવર્સિટીને "શ્રી ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળા" આપવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રતિવર્ષ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવે છે. સદર વ્યાખ્યાનમાળામાં પ્રો. નિરંજન ભગત, પ્રો. ચંદ્રકાંત શેઠ, ડૉ. દક્ષા પટ્ટણી, શ્રી નરોત્તમ પલાણ, ડૉ. રવીન્દ્ર દવે, શ્રી મનસુખ સલ્લા, પદ્મશ્રી ભોળાભાઇ પટેલ, શ્રી રઘુવીર ચૌધરી, ડૉ. બળવંત જાની, ડૉ. મણિલાલ હ. પટેલ, ડૉ. કિશોરસિંહ સોલંકી, રતિલાલ બોરીસાગર, ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ, ડૉ. યોગેન્દ્ર પારેખ વગેરે વક્તાશ્રીઓના વક્તવ્યનો લાભ મળ્યો છે.

સન્માનનીય કુલપતિ પ્રોફે. બી.એ. પ્રજાપતિની અધ્યક્ષતામાં ૨૦ માર્ચ, ૨૦૧૮ના રોજ સદર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તા હતા શ્રી રમણ સોની અને વિષય 'થોડુક અંગત–ઉમાશંકર ચરિત્રની દિશામાં' વક્તાશ્રીએ ઉમાશંકરના જીવનપથની સંઘર્ષ યાત્રાને વર્ણવી હતી. કુલપતિશ્રીએ અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ઉમાશંકર જોશીની સાહિત્ય સાધના, લોકહૃદયમાં તેમનું અનન્ય સ્થાન અને શબ્દબ્રહ્મની ઉપાસનાનું માહાત્મ્ય અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.

## શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા

મૂલ્યનિષ્ઠ શિક્ષક, શીલભદ્ર સર્જક, જાણીતા કેળવણીકાર અને પાટણના પનોતા પુત્ર શ્રી મોહનલાલ પટેલની સ્મૃતિમાં "શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા"નું આયોજન પ્રતિવર્ષ કરવામાં આવે છે. સદર વ્યાખ્યાનમાળા કડી સર્વ કેળવણી મંડળ દ્વારા યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ છે. જેમાં પદ્મશ્રી સિતાશું યશશ્ચંદ્ર (૨૦૦૬), પ્રોફે. અવધેશકુમાર સિંહ (૨૦૦૭), ડૉ. શિરીષ પંચાલ (૨૦૦૮), શ્રી રઘુવીર ચૌધરી (૨૦૦૭), ડૉ. ચંદ્રકાન્ત શેઠ (૨૦૧૦), પદ્મશ્રી ભોળાભાઇ પટેલ (૨૦૧૧), પ્રોફે. ઇન્દ્રનાથ ચૌધુરી (૨૦૧૨), પ્રોફે. ડૉ. બળવંતભાઇ જાની (૨૦૧૩), પ્રોફે. મહાવીરસિંહ ચૌહાણ (૨૦૧૪), પ્રોફે. ડૉ. વિશ્વનાથપ્રસાદ તિવારી (૨૦૧૫), મોહનલાલ પટેલ (૨૦૧૭)નાં વક્તવ્યનો લાભ મળ્યો છે.

સદર વ્યાખ્યાનમાળા સન્માનનીય કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિની અધ્યક્ષતામાં ૨૦ માર્ચ, ૨૦૧૮ના રોજ યોજવામાં આવી હતી. જેમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇને વક્તા તરીકે નિમંત્રિત કરવામાં આવ્યા હતા અને વિષય હતો "હેમચંદ્રાચાર્યની સાહિત્ય સાધના".

યુનિવર્સિટી સાથે કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું નામ જોડાયેલું છે ત્યારે યુનિવર્સિટી પરિવાર આચાર્ય મુનિભગવંત હેમચંદ્રાચાર્ય વિશે જાણકારી મેળવે તે જરૂરી છે. ડૉ. કુમારપાળથી વધુ આ વિષયમાં કોણ પ્રકાશ પાડી શકે ? આવી ઉદાત ભાવનાને લઇને કુલપતિશ્રી દ્વારા વિષય અને વક્તાની પસંદગી કરવામાં આવી હતી.

ડૉ. કુમારપાળ દેસાઇએ વક્તવ્યમાં વિશ્વ વિક્રમ ધરાવતી જ્ઞાનોપાસના–જ્ઞાન વંદના–સિધ્ધહેમ શબ્દાનુશાસન ગ્રંથનું હાથીની અંબાડી ઉપર પધરામણી કરી નગરમાં શોભાયાત્રા, ૩૦૦ લહીયાઓ દ્વારા સવાલક્ષ ગ્રંથની પ્રતો તૈયાર કરાવી નેપાળ, કાશ્મીરથી કન્યાકુમાર, ગુજરાતથી ઓરિસ્સા સુધી એમ દેશના ખૂણે ખૂણે મોકલી આપી હતી વગેરે બાબતોને ઉજાગર કરી હતી. કુલપતિશ્રીએ અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં હેમચંદ્રાચાર્ય મુનિભગવંતની સાહિત્ય સાધનામાંથી પ્રેરણા લઇ સંશોધનની દિશામાં આગળ વધવાની સૌને અપિલ કરી હતી. તેમણે વધુમાં પદ્મશ્રી કુમાળપાળ દેસાઇને "હેમચંદ્રાચાર્ય કથા" માટે નિમંત્રણ પાઠવ્યું હતું.

આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. ડી.એમ. પટેલ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુરુવંદના ગ્રંથસંસ્કૃતિ વ્યાખ્યાનમાળા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેવા નિવૃત યુનિવર્સિટી લાઇબ્રેરિયન શ્રી મણિભાઇ પ્રજાપતિએ તેમની નિવૃત્તિ સમયે તેમના ગુરૂઓ સર્વશ્રી ડૉ. મણિભાઇ પ્રજાપતિ, પ્રા. તુલસીભાઇ પટેલ, શ્રી એસ.સી. વિશ્વાસ, શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક અને પ્રિ. નટુભાઇ યાજ્ઞિકની સ્મૃતિમાં યુનિવર્સિટીને "ગુરૂવંદના ગ્રંથ સંસ્કૃતિ વ્યાખ્યાનમાળા" આપેલ છે. સદર વ્યાખ્યાનમાળાનો પ્રથમ મણકો ૨૦૧૨માં યોજવામાં આવ્યો હતો. જેમાં પદ્મશ્રી સિંતાશુ યશશ્ચંદ્રના વક્તવ્યનો લાભ મળ્યો હતો.

સદર વ્યાખ્યાનમાળાનો દ્વિતીય મણકો સન્માનનીય કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિની અધ્યક્ષતામાં તા. ૨૧–૦૩–૨૦૧૮ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં UGC Emeritus professor અને કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડનાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના પ્રોફેસર અને ચેરમેન સી.આર. કરસીદપ્પાને નિમંત્રીત કરવામાં આવ્યા હતા. જેમણે "Transformation of Libraries from Gutenberg to Zuckerberg : An overview" વિષય ઉપર વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે શ્રી મણિભાઇ પ્રજાપતિ અને શ્રી કનુભાઇ શાહે ગ્રંથાલય વિષયક વિવિધ પ્રશ્નો, પડકારોને વાચા આપી હતી. રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ડૉ. મણિભાઇ પ્રજાપતિએ વેદવ્યાસથી શરૂ થયેલી આપણી ગુરૂવંદના પરંપરાને ઉજાગર કરી હતી. માનનીય કુલપતિશ્રીએ માનવીના ઘડતરમાં ગુરૂનું મહત્ત્વ, શબ્દબ્રહ્મની ઉપાસનાનો મહિમા, ગ્રંથો–ગ્રંથાલયની સોબત એ ખુશીનો સોદો છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે પ્રોફે. કરસીદપ્પા અને શ્રી મણીભાઇ પ્રજાપતિના ગ્રંથાલયક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન અંગે પ્રકાશ પાડ્યો હતો.

આ પ્રસંગે સન્માનનીય કુલપતિશ્રીના વરદ્ હસ્તે ગુજરાતના અગ્રણી નિવૃત્ત ગ્રંથપાલો કે જેઓ સદર યુનિવર્સિટીના યુનિવર્સિટી ગ્રંથાલય અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ સાથે વિશેષપણે જોડાયેલા રહ્યા હતા તે સર્વશ્રી રમણભાઇ પટેલ, મહિપતસિંહ વાઘેલા, સ્વ. દક્ષાબેન સુરતીના પ્રતિનિધિ વિનોદભાઇ સુરતી, કિરણચંદ્ર પટેલ, માનસિંહભાઇ ચૌધરી, ત્રિભોવનભાઇ પટેલ, જે.સી. પટેલ, ડૉ. કિરીટભાઇ શુક્લ તેમજ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના હોદ્દેદારોશ્રી પંકજ બાવીસી અને ગંધકવાલાનું સન્માન કવામાં આવ્યું હતું. ગુજરાતના અગ્રણી ગ્રંથપાલો અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ગ્રંથપાલશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

માન. કુલપતિશ્રીએ વ્યાખ્યાનમાળામાં અપાતા વ્યાખ્યાનનું દસ્તાવેજીકરણ (પુસ્તિકા તૈયાર કરાવી) કરવાની અને વ્યાખ્યાનમાળાના દિવસે જ વિતરીત કરવાની ઉજળી પરંપરાનું નિર્માણ કર્યું છે. જે અન્વયે સદર ત્રણેય વ્યાખ્યાનોની પુસ્તિકાઓનું વિતરણ પણ ઉપસ્થિત શ્રોતાગણને કરવામાં આવ્યું હતું. ત્રણેય કાર્યક્રમો યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપક્રમે ડૉ. કનકબાળા જાની (કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન) દ્વારા ક્રિયાન્વિત કરવામાં આવ્યા હતા. શ્રી એસ.એચ. રાવલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## શ્રી ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળા    શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા






















# ગુરુવંદના ગ્રંથસંસ્કૃતિ વ્યાખ્યાનમાળા























# કૉલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

✼ મહિલા આર્ટ્સ કોલેજ વિદ્યાનગરી, હિંમતનગરમાં એન.એસ.એસ. અને સ્વર્ણિમ સપ્તધારા અંતર્ગત તા. ૧૨–૩–૨૦૧૮ ના રોજ 'કારકિર્દી માર્ગદર્શન અને ફાઇનાન્સીયલ પ્લાનીંગ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. હિતેષભાઇ પટેલે ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. પ્રિ.ડૉ. કે.એલ. પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. તેમજ તા. ૯–૩–૨૦૧૮ના રોજ થેલેસેમિયા ચેકઅપ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજનો તા. ૨૨–૨–૨૦૧૮ના રોજ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમા મા. શ્રી ડૉ. ડી.એલ. પટેલ, સાબરકાંઠા પોલીસ અધિક્ષકશ્રી મા.સૌરભ સિંઘ–આઇ.પી.એસ., મા. શ્રીમતિ એન.આર. શર્મા–ડેપ્યુટી કલેક્ટરશ્રી સા.કાં., મા.શ્રી જેઠાભાઇ પટેલ–પૂર્વ ચેરમેનશ્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને વિવિધ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત મા. શ્રી ડૉ. ડી.એલ. પટેલ જ્ઞાનસત્ર ૨૦૧૮ સુપર માઇન્ડ સુપર ફ્યુચર વિષય પર યોજવામાં આવ્યું હતું. જ્ઞાન સરોવર બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર, હિંમતનગરના ચંદ્રીકાબેન ગ્રામદ્યોગ સંસ્થાનના ડાયરેક્ટર દેવેન્દ્રભાઇ સુતરિયા, સર્જનટ્રસ્ટના મંત્રી એમ.ડી. પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. પ્રિ. ડૉ. કનૈયાલાલ પટેલે ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની ગાઇડશીપ મેળવેલ છે. જ્યારે કુ. રબારી નીતા શાહરભાઇ માર્ચ–જૂન ૨૦૧૩ અને કુ. તમન્ના જે. વણકર માર્ચ–જૂન–૨૦૧૪ ટી.વાય.બી.એ. સંસ્કૃત, મા. શ્રી હરિકૃષ્ણ રેવાશંકર યાજ્ઞિક માનવ અભ્યુદય ટ્રસ્ટ મુડેટી સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરેલ છે.

✼ ભારત સરકારશ્રીના Ministry of Youth Affairs & Sports વિભાગ દ્વારા તા. ૨–૩–૨૦૧૮ થી તા. ૮–૩–૨૦૧૮ સુધી Kuvempu University, Shimoga (Karnataka) ખાતે યોજાનાર National Integration Campમાં જવા માટે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, કડોલી કોલેજના પ્રા. સંદીપભાઇ એચ. સાંચલાની, એન.એસ.એસ.ના ગુજરાત રાજ્યના પ્રોગ્રામ ઓફિસરની ટીમ મેનેજર તરીકે પસંદગી કરવામાં આવી હતી. ભારતની ૧૩ યુનિવર્સિટીઓ અને ૫ રાજ્યોએ ભાગ લીધો હતો અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ સ્થાન મેળવેલ છે.

## કેમ્પસ ઈન્ટરવ્યુ



લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં તા. ૨૭–૩–૨૦૧૮ના રોજ સાગરલક્ષ્મી એગ્રીસીડ્સ પ્રા. લિ. અમદાવાદ દ્વારા વેકેશન અને કાયમી નોકરીમાં માર્કેટીંગ એક્ઝીક્યુટીવની જગ્યા માટે કેમ્પસ ઈન્ટરવ્યું યોજવામાં આવ્યું હતું. જેમાં ૬ વિદ્યાર્થીઓની પસંદગી થઇ છે. તા. ૯–૩–૨૦૧૮ના રોજ મહિલા દિન નિમિત્તે મુગ્ધાવસ્થાની તકલીફો અને નિવારણ અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો. સંવેદના ટ્રસ્ટ, વિરમપુરના શ્રી શિલ્પાબેન અને અમેરિકાના શ્રી મીરાબહેને દીકરીઓને મુગ્ધાવસ્થા દરમિયાન ઉદ્‌ભવતી વિવિધ સમસ્યાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

## કોમ્યુનિકેશન ટેક્નોલોજિ

શ્રી ઇડર આંજણા પાટીદાર એચ.કે. એમ. આર્ટ્સ એન્ડ પી.એન. પટેલ કોમર્સ કોલેજ દ્વારા મોબાઇલ એપ લોંચીગ કરવામાં આવી હતી. જેમાં પ્રિ. ડૉ. અરવિંદભાઇ એમ. પટેલ, ડૉ. એચ.એમ. પટેલ, ચિરાગ કે. જયસ્વાલ, એમ.વી મહેતા, કું. અનુસુયાબેન ગામેતીએ એપ્લીકેશન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## નૂતન ભવન



શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર નુતન ભવનની નામકરણ વિધિ તા. ૧૮–૩–૧૮ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, કેબિનેટમંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર અને હે.ઉ.ગુ.યુ.ના કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. દાતાશ્રી દિલીપભાઇ લખીએ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન કર્યા હતાં. જ્યારે કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિએ શૈક્ષણિક સંકુલોને દાન આપનાર દાતાઓ તથા ટ્રસ્ટીઓની દીર્ઘદ્રષ્ટિને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમ જૈન મુનિભગવંત કે.સી. મહારાજ સાહેબની પ્રેરણાથી યોજવામાં આવ્યો હતો.

## વાર્ષિકોત્સવ

✼ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુરમાં તા. ૨–૪–૨૦૧૮ના રોજ દીક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિશેષ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

✼ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં તા. ૧૦–૩–૨૦૧૮ના રોજ વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉપકુલપતિ શ્રી ચંદ્રકાંતભાઇ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટના ચેરમેન સ્વર્ગસ્થ અનિલભાઇ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તથા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રશિક્ષણાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં.



✲ શ્રી સાર્વજનિક સમાજકાર્ય કોલેજ, મહેસાણા ખાતે તા. ૨૫–૩–૨૦૧૮ના રોજ દીક્ષાંત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી દિલીપભાઇ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. અને વિદ્યાર્થીઓને વિવિધ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતાં.

✲ શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ સુવર્ણ જયંતિ વાર્ષિકોત્સવ તા. ૧૬ માર્ચ, ૨૦૧૮ના રોજ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. હે.ઉ.ગુ.યુનિ., ના કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિ, દક્ષિણ ગુજરાત યુનિ.,ના પૂર્વ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર, જાણીતા ઉદ્યોગપતિ શ્રી મહાસુખભાઇ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



✲ શ્રી તિરૂપતી બાલાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પાંથાવાડામાં તા. ૧૭–૩–૧૮ના રોજ દિક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને વિવિધ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

✲ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં વાર્ષિકોત્સવ તા. ૧૦મી માર્ચ, ૨૦૧૮ના રોજ યોજવામાં આવ્યો હતો. પ્રમુખશ્રી પરથીભાઇ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાર્થીઓને વિવિધ સિદ્ધિઓ માટે સન્માનિત કરવામાં આવ્યા હતાં અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શિબિર

મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ઊંઝા ખાતે ડિમ્સ ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાત ટુરીઝમ–ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે પંદર દિવસની શિબિરનું આયોજન પ્રિ. ડૉ. લીલાબેન સ્વામીના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું. જેમાં નવા વિકસતા જતા હોટલ મેનેજમેન્ટના ક્ષેત્રમાં ઉજ્જવળ કારકીર્દિ પ્રાપ્ત કરવા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

## શૈક્ષણિક પ્રવાસ

શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૨૭–૩–૨૦૧૮થી ૩૦–૩–૨૦૧૮ દરમિયાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ, સફેદરણ, વાંઢાઇ ઉમિયામાતા, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, ગોધરા, અંબેધામ, માંડવી પેલેસ અને બીચ, મુન્દ્રા પોર્ટ, અંજાર જેસલ–તોરલની સમાધિ જેવા અનેક ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી.

## સાહિત્ય ગોષ્ઠિ

ગુજરાત સાહિત્ય અકાદમી અને વડનગર કોલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫–૩–૨૦૧૮ના રોજ ગુજરાતી વાર્તાપઠન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે ડૉ. કેશુભાઇ દેસાઇ, ડૉ. મોહન પરમાર, દીવાન ઠાકોર, કનુ આચાર્ય, ધર્માભાઇ શ્રીમાળી, સંજય ચૌહાણે વાર્તાપઠન કર્યું હતું. તેમજ તા. ૧૭–૩–૨૦૧૮ના રોજ સ્વ. પ્રાધ્યાપક સી.ટી. મોદી સ્મૃતિમાં ''શિક્ષક અને સમાજ'' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે શ્રી મનુભાઇ ચોક્સી (સમાજસેવક અને તત્વચિંતક) ઉપસ્થિત રહ્યા હતા.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ



શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, મહેસાણામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગણેશ વંદના, શાસ્ત્રીય નૃત્ય, નાટક, ગરબો, માઇમ, ફિલ્મી ડાન્સ, ગુજરાતી લોકગીત, રાસ અને ફેશન–શૉ જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

## સેમિનાર

✲ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ તથા ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪–૩–૧૮ના રોજ રાષ્ટ્રીય કક્ષાનો સેમીનાર 'ગઝલ : રૂપ અને રંગ' વિષય પર યોજવામાં આવ્યો હતો. પ્રિ. સ્નેહલ એસ. પટેલ, ડૉ. નિતિન વડગામા, ડૉ. ગુણવંત વ્યાસ, ડૉ. અશોક ચાવડા, અશોકભાઇ વ્યાસ તથા ભરતભાઇ રાવલે પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન કર્યા હતાં. આ પ્રસંગે ડૉ. પિયુષ ચાવડા કૃત ગઝલનો ગેબી અવાજ : મનોજ ખંડેરીયાનું વિમોચન પણ થયું હતું.

✲ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૨૮મી માર્ચના રોજ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના સાકરીથી રીટાયર્ડ આર્મી ઓફિસર શ્રી ધનરાજ દેવડે ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું.

# ગ્રંથદર્શન




**શીર્ષક : જ્ઞાનશક્તિ : માણસના વાવેતરનો મહાયજ્ઞ**
**લેખક : પ્રોફે. બી.એ. પ્રજાપતિ**
**પ્રકાશક : શાંતિ પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૩**
**પૃષ્ઠ : Xv, 227 ; કિંમત : રૂા. ૬૦૦/-**
ISBN : 978-98-5070-023-5

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રવર્તમાન કુલપતિશ્રી પ્રખર અભ્યાસુ, ચિંતક, પ્રબુધ્ધ સર્જક, પ્રખર વક્તા, કુશળ વહીવટકર્તા અને ઉમદા માનવીય અભિગમ ધરાવતું બહુઆયામી વ્યક્તિત્વ ધરાવે છે. જેનો પડઘો આપણને સદર યુનિવર્સિટીના પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય'માં કુલપતિશ્રીની કોલમ 'આદિવચન'માં વિષયની પસંદગી, વિષય વૈવિધ્યતા, શિક્ષણ જગતના પ્રશ્નો, પડકારો, ઉકેલો, મહાપુરૂષોનું યોગદાન વગેરેમાં પડતો જોવા મળે છે. પરમ શ્રધ્ધેય કુલપતિશ્રી આ પૂર્વે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં કુલપતિશ્રી તરીકે પ્રશસ્ય સેવાઓ આપી ચુક્યા છે. તેમણે સદર યુનિવર્સિટીમાં પાક્ષિક વૃત્તપત્ર 'દક્ષિણાયન'ની ઉજળી પરંપરાનું નિર્માણ કર્યું ને કુલપતિશ્રીની કોલમ 'દીપે અરૂણું પરભાત' વિષય મથાળા હેઠળ વિવિધ વિષયોને ઉજાગર કરી વિદ્યાજગતને પુષ્ટ કરવામાં અહમ ભુમિકા નિભાવી છે. ભાવિ પેઢીને આ બૌધ્ધિક વિરાસતની ભેટ ધરવાની ઉમદા ભાવનાને લઈને આ લેખોને '**જ્ઞાનશક્તિ માણસના વાવેતરનો મહાયજ્ઞ**' અંતર્ગત ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે.

જેમાં કુલ ૫૪ લેખોનો સમાવેશ થાય છે. જેમાં પ્રાયઃ ઉચ્ચ શિક્ષણનો કાયાકલ્પ, પડકારો, પરિવર્તન, પ્રવેશોત્સવ, પ્રાથમિક કેળવણી, મુલ્યનિષ્ઠ શિક્ષણ, દિક્ષાન્ત સમારોહ, નેશનલ કમીશન હાયર એજ્યુકેશન એન્ડ રીસર્ચ વગેરે શિક્ષણને સ્પર્શતી બાબતો ઉપરાંત વીર નર્મદ, કનૈયાલાલ મુનશી, રવીન્દ્રનાથ ટાગોર, ઉમાશંકર જોષી, ફાર્બસ, મેક્સ મુલર જેવા સાહિત્યકારો, પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, ડૉ. આંબેડકર, ઈન્દુ ચાચા વગેરે મહાપુરૂષો, આચાર્ય મહાપ્રજ્ઞજી, શ્રી અરવિંદ, સ્વામી વિવેકાનંદ વગેરે સંતો વિષયક લેખોનો સમાવેશ થાય છે. ઉપરોક્ત મહાનુભાવોએ મૂલ્યનિષ્ઠ શિક્ષણ પ્રત્યે સેવેલી ચિંતા અને ચિંતનને લેખકશ્રીએ ખુબ જ માર્મિક, સરળ, બોધગમ્ય શૈલીમાં ઉજાગર કરી બતાવ્યા છે. જેના કારણે પ્રત્યેક લેખો વાચકને જકડી રાખે છે. લેખોને હોડમાં મુકીએ તો કયો લેખ શ્રેષ્ઠ છે તે નક્કી કરવું મુશ્કેલ બને છે. જે લેખકશ્રીના ઉત્તમ સર્જકત્વના દર્શન કરાવે છે. ભાષા ઉપરનું પ્રભુત્વ, સર્જનમાં પ્રગટ થતું ઊંડુ ચિંતન, વિષય સાથેનું તાદાત્મય, મહાપુરુષો પ્રત્યેના અનન્ય શ્રધ્ધાભાવના કારણે તેમનું સર્જકત્વ સોળે કળાએ ખીલે છે, ઉત્તમ સર્જકોની હરોળમાં બેસાડે છે.

આચાર્ય મહાપ્રજ્ઞજીએ આર્શીવચન આપેલ છે. જ્યારે લબ્ધ પ્રતિષ્ઠિ સાહિત્યકાર અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી પ્રોફે. અવધેશકુમારસિંહે તેની ફોરવર્ડ લખી છે. ઉપરાંત કુલપતિશ્રીઓ કુલીનચંદ્ર યાજ્ઞિક, ડૉ. દાઉદભાઈ ઘાંચી, ડૉ. ચંદ્રકાન્ત ત્રિવેદી, સ્વ. મહાવીરસિંહ ચૌહાણ, સાહિત્યકારશ્રીઓ મણિલાલ હ. પટેલ, રાજેન્દ્ર નાણાવટી, ડૉ. અંબાલાલ પ્રજાપતિ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ડૉ. મણિભાઈ પ્રજાપતિ વગેરેએ ભૂરી ભૂરી પ્રશંસા કરી છે.

પ્રત્યેક લેખની પૂર્વે વિષયને અનુરૂપ કવટિશન (મહાપુરૂષોના વિચારો) આપવામાં આવ્યા છે. જે એટલી હદે સામ્યતા ધરાવે છે કે લેખને અનુરૂપ કવટિશન છે કે કવટિશનને આધારે લેખ છે તે નક્કી કરવું મુશ્કેલ બને છે. કેટલાક કવટિશન લેખના અંતે પણ જ્યાં જગ્યા મળી ત્યાં અલગ કલરમાં આપવામાં આવેલ છે. જેના કારણે તે સ્પષ્ટ તરી આવે છે. સમગ્ર ગ્રંથ આર્ટ પેપર અને સુદ્રઢ બાંધણી ધરાવે છે, જેથી ગ્રંથ દીર્ઘાયુષી છે.

શબ્દબ્રહ્મના ઉપાસક, મેનેજમેન્ટના ગૌરવ શિખર સમા આચાર્યશ્રી, ભારતીય ધર્મ દર્શનના અભ્યાસુ લેખકશ્રી વિશે ગૌરવભેર કહી શકાય કે, "ગામમાંથી શબ્દ લઈને નીકળ્યો હતો, શબ્દ કયાં કયાં લઇ ગયો ? મેનેજમેન્ટ વિદ્યાશાખાના વિદ્વાન મંડળમાં, કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રીના કાર્યભારમાં (હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત), રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના બોર્ડ ઓફ ગર્વનન્સમાં (કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર; પારૂલ યુનિવર્સિટી, વાઘોડીયા; ગુજરાત લૉ સોસાયટી યુનિવર્સિટી, અમદાવાદ; ગણપત યુનિવર્સિટી, ખેરવા), ગુજરાતના ઉદ્યોગ જગતમાં, (ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કંપની લીમીટેડ, વડોદરા; ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન-એલ.એન.જી. ગાંધીનગર) દેશના મુર્ધન્ય સાહિત્ય જગતમાં, વિદ્વાનોની સભાઓમાં, દેશની વિવિધ યુનિવર્સિટીઓના ચાવીરૂપ વ્યાખ્યાનોમાં, જ્ઞાનના પ્રચાર-પ્રસારના સંવાહકના રૂપમાં, સંતોની પંગતમાં, દેશના વિવિધ સાંસ્કૃતિક સમાજોમાં, પ્રજાપતિ સમાજના ઉત્કર્ષમાં, નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ, સરદાર પટેલ યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સંસ્કાર ઘડતરમાં, ડૉક્ટરેટની પદવી મેળવી ઉચ્ચ લક્ષ્યાંકો સિધ્ધ કરેલા વિદ્યાર્થીઓની આસ્થામાં, ભાઈ-ભાંડુઓના જીવન સાફલ્યના નિર્માતા બનવાની અપાર લાગણીઓના સંતોષની અનુભુતિમાં, ધર્મપત્ની શારદાના મળેલા હુંફાળા સથવારે માનવમુલ્યોના જતનની સંઘર્ષોની ધાર પર મંડાતા પગલામાં, માઁ જગદંબા પ્રત્યેના અનન્ય શ્રધ્ધાભાવમાં. શબ્દબ્રહ્મ-અક્ષરબ્રહ્મની ઉપાસના એ જીંદગીનું અણમોલ નજરાણું છે."

આવો ! આપણે પણ આ ગ્રંથની વિદ્યોપાસનાનો લાભ લઈ પુષ્ટ થઈએ. કુલપતિશ્રી નજીકના ભવિષ્યમાં "આદીવચન"ને પણ ગ્રંથસ્થ કરી આપી વિદ્યાજગતને અર્પણ કરે તેવી અભ્યર્થના સહ વંદન.

**ડૉ. કનકબાળા જાની**
કા. યુનિવર્સિટી લાઈબ્રેરિયન

## સબરસ

પત્ની : ક્યાં છો તમે ?
પતિ : બાઈક પરથી પડી ગયો છું. એક્સિડન્ટ થયો છે.
પત્ની : જો જો ટિફિન આડું ના થઈ જાય નહિતર દાળ ઢોળાઈ જશે.


**HNGU**
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

**Editor : Dr. Kanakbala Jani** (I/c University Librarian), **Dr. Chanduji Thakor**
**Published by : Dr. D.M.Patel,** I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.